તા.૨૫/૦૩/૨૦૨૦ સુધી ફક્ત આવશ્યક સેવાઓ જ ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સચિવાલય ગાંધીનગર
તા. ૨૧/૦૩/૨૦૨૦.

**જાહેરનામા ક્રમાંક:-૧૧/એનસીવી/૧૦૨૦૨૦/એસ.એફ.એસ.૧/ગ**

કોરોના વાયરસ COVID-19ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંક એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩/૦૩/૨૦૨૦ ના જાહેરનામાથી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" લાગુ કરવામાં આવેલ છે.

અમદાવાદ, સુરત, વડોદરા,રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં માત્ર નીચે મુજબની આવશ્યક સેવાઓ જ તા.૨૫/૦૩/૨૦૨૦ સુધી ચાલુ રાખવાની રહેશે.

- **તમામ સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશન/પંચાયત સેવાઓ**
- **દૂધ-શાકભાજી,ફળ-ફળાદી, કરીયાણું, પ્રોવીઝનલ સ્ટૉર.**
- **મેડીકલ સ્ટૉર, દવાખાના/હોસ્પિટલ, લેબોરેટરી, દવા/મેડીકલ સાધનોની ઉત્પાદક કંપની તથા તેમના રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર્સ, ફાર્મસી, આરોગ્યલક્ષી સેવાઓ.**
- **વીજળી અંગેની સેવાઓ, વીમા કંપની, ઈન્ટરનેટ/ટેલિફોન તથા આઈ.ટી અને આઈ.ટી સંબંધિત સેવાઓ**
- **રેલવે અને ટ્રાન્સપોર્ટેશન સેવા, મીડીયા-સમાચાર પત્રો, પેટ્રોલપંપ, પાણી પુરવઠો તથા ગટરવ્યવસ્થા તંત્ર**
- **બેંક/એ.ટી.એમ., બેંકનું ક્લીયરીંગ હાઉસ, સ્ટોક એક્સચેન્જ**
- **તમામ આવશ્યક વસ્તુઓના ગોડાઉન તથા અન્ય અતિ આવશ્યક સેવાઓ.**
- **ખાદ્ય પદાર્થો તથા ખાદ્ય સામગ્રી, દવાઓ, પેસ્ટકન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા અને તેને લગતુ ઈ-કોમર્સ**

આ જાહેરનામાના ભંગ બદલ સંબંધિતોની સામે "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" અન્વયે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આઇ.એમ.કુરેશી)**
સંયુક્ત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયનાં સર્વે વિભાગો.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય),કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા,રાજકોટ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ, અમદાવાદ, સુરત, વડોદરા,રાજકોટ
- અધિક નિયામકશ્રી,(પ.ક.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તબીબી) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(ત.શિ.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી, પધ્ધતિ,૧,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, તબીબી સેવાઓ કામદાર રાજ્ય વિમા યોજના,ઇન્કમટેક્ષ ઓફિસ સામે આશ્રમરોડ, અમદાવાદ..
- કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,બ્લોક નં. ૧૯ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. આ બાબતની રાજ્યમાં બહોળી પ્રસિધ્ધિ અર્થે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
  - સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦.